# <u>સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે પુસ્તક પ્રદર્શન</u>

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં તા.12/01/2024 ના રોજ સવારે 11: 30 કલાકે ગ્રંથાલય વિભાગ અને એક્ષટેન્શન એક્ટીવીટી સેલ દ્વારા માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીના માર્ગદર્શન હેઠળ વિવેકાનંદ ગ્રંથાલયમાં યુવા દિવસ નિમિત્તે સ્વામી વિવેકાનંદજીના પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ એટલે રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી. વિવેકાનંદ ગ્રંથાલયમાં સ્વામીજીના જીવન ઉપર રચાયેલ સાહિત્યના પુસ્તકોનું પ્રદર્શન કરીને ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી પુસ્તક પ્રદર્શન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.)અમી ઉપાધ્યાયે ખુલ્લું મૂક્યું હતું. યુનિવર્સિટીના તમામ કર્મચારીઓએ આ પ્રદર્શન નિહાળ્યું હતું. યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા સ્વામીજીના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત માનનીય કુલપતિશ્રીજીએ સ્વામી વિવેકાનંદજીના ઊંડા વિચારો વિશે વાત કરી અને સૌને સ્વામીજીના પુસ્તકોનું વાંચન કરવા માટે પ્રેરિત કર્યા હતા.




















